YOGI ASTROLOGY

- PROBLEM : JOB | HEALTH BUSINESS | EDUCATION IMMIGRATION | CAREER | COURT
- NEW BORN BABY KUNDLI
- MARRIAGE MATCH KUNDLI
- LAGNA MUHURAT / VEDIC MUHURAT
- LIFE PREDICTION
- VASTU CONSULTATION
- MULTI LANGUAGE COMPUTERIZED KUNDLI



YOGESH GANDHI M.SC. B.Ed.
+1 647 286 3734
yoglastro@yahoo.com
www.yoglastrology.com
77 Mission Ridge TR, Brampton ON Canada



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 23 ■ તા. 07-06-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk


# સીમાપારનો આતંકવાદ બંધ ન થાય ત્યાં સુધી સિંધુ જળ સંધિ સ્થગિત રહેશેઃ ભારત

નવી દિલ્હી, તા.૬

ચિનાબ અને બિયાસ નદી પર બે પ્રોજેક્ટની પાકિસ્તાનને કરેલી ટીકાને ફગાવી દેતા ભારતે શુક્રવારે ફરી એકવાર સ્પષ્ટ કર્યું હતું કે પાકિસ્તાન સંપૂર્ણપણે સીમાપારના આતંકવાદને સમર્થન આપવાનું બંધ નહીં કરે ત્યાં સુધી સિંધુ જળ સંધિ સ્થગિત રહેશે.ચિનાબ-બિયાસ લિંક ટનલ પ્રોજેક્ટ અને સલાલ ડેમમાંથી સિલ્ટ કાઢવાની યોજનાઓ દ્વારા ભારત પાણીનો એક હથિયાર તરીકે ઉપયોગ કરી રહ્યું હોવાના પાકિસ્તાનના આક્ષેપ પછી ભારતના વિદેશ મંત્રાલયે આ પ્રતિક્રિયા આપી હતી. નવી દિલ્હીમાં સાપ્તાહિક મીડિયા બ્રીફિંગમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે અમે સિંધુ જળ સંધિને સ્થગિત કરી છે અને પાકિસ્તાન સંપૂર્ણપણે સીમાપારનો આતંકવાદ બંધ ન કરે ત્યાં સુધી તે સ્થગિત જ રહેશે. જમ્મુ-કાશ્મીરમાં સ્વીસ રાજદૂતની મુલાકાત અંગે પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે આપેલા નિવેદન અંગેના એક સવાલના જવાબમાં જયસ્વાલે જણાવ્યું હતું કે સ્વિસ રાજદૂતે જમ્મુ-કાશ્મીરની મુલાકાત લીધી હતી અને ત્યાં અનેક બેઠકો યોજી હતી. જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન હિસ્સો છે અને સ્વિસ રાજદૂત અથવા અન્ય કોઈ પણ રાજદૂત ત્યાં મુલાકાત લઈ શકે છે. ગયા મહિને ભારતે સિંધુ જળ સંધિ અંગે કોર્ટ ઓફ આર્બિટ્રેશનના એક ચુકાદાને ફગાવી દઈને આ આ કોર્ટ ગેરકાયદે રીતે રચવામાં આવી હોવાનો વળતો પ્રહાર કર્યો હતો.આ મુદ્દે મીડિયાના સવાલનો જવાબ આપતા વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ૧૫ મે, ૨૦૨૬ના રોજ આ ગેરકાયદેસર રીતે રચાયેલી અદાલતે સિંધુ જળ સંધિના અર્થઘટન અને મહત્તમ જળસંગ્રહ ક્ષમતા સંબંધિત એક કથિત ચુકાદો જાહેર કર્યો હતો. અગાઉના તમામ ચુકાદા નકાર્યા હતા તેમ આ ચુકાદાને પણ ભારત સંપૂર્ણપણે નકારે છે. ભારતે ક્યારેય આવી કહેવાતી અદાલતની રચનાને માન્યતા આપી નથી અને તેના



કોઈપણ ચુકાદા કે નિર્ણયને કાયદાકીય રીતે માન્ય ગણતું નથી. અહીં ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે થયેલા પહેલગામ આતંકી હુમલા પછી ભારતે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ પોતાના સાર્વભૌમ અધિકારોનો ઉપયોગ કરીને સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો નિર્ણય લીધો હતો.

### ઈરાનના ૧૫૯ જહાજને દરિયામાં જળ સમાધિ અપાઈઃ પ્રમુખ ટ્રમ્પ

# અમેરિકન સૈનિકોની હત્યા થઈ તો ઈરાન સામે ફરી યુદ્ધઃ ડોનાલ્ડ ટ્રમ્પ

## અમેરિકામાં હાઉસ ઓફ રીપ્રેઝન્ટેટિવમાં ઈરાન યુદ્ધ અટકાવવા પસાર થયેલા ઠરાવના સમર્થનમાં અપાયેલા મતોને અર્થહિન ગણાવ્યા હતા

વોશિંગ્ટન, તા.૬

ઈરાન સાથે પીસ ડીલની શક્યતાઓ ડામાડોળ છે ત્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એક વાર યુદ્ધ શરૂ કરવાની ચીમકી આપી છે. ટ્રમ્પે કહ્યું હતું કે, ઈરાન દ્વારા યુએસ સૈન્યની હત્યા કરવામાં આવે તો યુદ્ધ ફરી શરૂ કરવા આ સારું કારણ રહેશે. ઈરાન પાસે નૌકાદળ નથી, હવાઈદળ નથી અને અમેરિકાએ ઈરાનના નેતૃત્વનો સફાયો કરી દીધો છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતાં ટ્રમ્પે દાવો કર્યો હતો કે, તમામ રીતે પાયમાલ થઈ ચૂકેલું ઈરાન યુદ્ધમાં સારું પ્રદર્શન કરી રહ્યું હોવાના સમાચાર તથ્યવિહોણા છે. ઈરાન પાસે ૧૫૯ જહાજો છે અને તમામને દરિયામાં જળ સમાધિ અપાઈ ગઈ છે. અમેરિકાએ તેના ફોટોગ્રાફસ લીધેલા છે. અમેરિકામાં હાઉસ ઓફ રીપ્રેઝન્ટેટિવમાં ઈરાન યુદ્ધ અટકાવવા પસાર થયેલા ઠરાવના સમર્થનમાં અપાયેલા મતોને અર્થહિન ગણાવ્યા હતા અને ઈરાન પાસે કોઈપણ ભોગે પરમાણુ શસ્ત્રો નહીં રહેવા દેવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. ટ્રમ્પે ફરી એક વાર ખોંખારીને કહ્યું હતું કે, ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો ન હોય તેવો ઉદ્દેશ સંધિમાં કેન્દ્ર સ્થાને છે. એક યા બીજી રીતે યુએસનો વિજય નિશ્ચિત છે. કાગળ પર અથવા યુદ્ધના મેદાનમાં યુએસ જીતવાનું છે. ઈરાનને પરમાણુ શસ્ત્રો વિકસાવતા રોકવાના નિર્ણયને બહોળું સમર્થન મળી રહ્યું છે અને દરેક આ બાબતે સંમત છે. ઓબામાના કાળ દરમિયાન ઈરાન સાથે થયેલી પરમાણુ સંધિ બાબતે કોઈ નેગોશિએશનનો ઈનકાર કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે, ઓબામા ડીલ મેં રદ કરી દીધી છે. આ ડીલ અસ્તિત્વમાં હોત તો ઈરાન પરમાણુ સત્તા બની ગયું હોત. હોર્મુઝની ખાડીના રક્ષણ માટે યુરોપના દેશોના સહકાર બાબતે ટ્રમ્પે કહ્યું હતું કે, અમે તેમને મદદ કરવા તક આપી હતી. નાટો દેશ તથા અન્ય પાસે યુએસ ગયુ હતું, પરંતુ બધાએ નિરાશ કર્યા હતા. ખાડીના ઓઈલ-ગેસ પર નિર્ભર રહેતા દેશો માટે આ નિર્ણય મોંઘો પુરવાર થવાનો છે. પીસ ડીલમાં હોર્મુઝની ખાડી ખોલવાની મુખ્ય શરત ઈરાન સમક્ષ રાખવામાં આવી છે. યુએસ સૈન્ય સક્ષમ છે અને દરિયાઈ સુરક્ષા માટે પગલાં લેવાયા છે.


### એકબીજા પર ઘાતક હુમલા

# સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં અમેરિકા અને ઈરાન ફરી આમને-સામને

## અમેરિકન અધિકારીઓએ દાવો કર્યો છે કે ઈરાને હોર્મુઝ તરફ અનેક એટેક ડ્રોન લોન્ચ કર્યા હતા

વૉશિંગ્ટન, તા.૬

મિડલ ઈસ્ટ (મધ્ય પૂર્વ) માં ચાલી રહેલો તણાવ હવે વધુ વિસ્ફોટક સપાટીએ પહોંચી ગયો છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ નજીક અમેરિકા અને ઈરાનની સેનાઓ વચ્ચે સીધો સૈન્ય સંઘર્ષ શરૂ થયો હોવાના અહેવાલો સામે આવ્યા છે. ઈરાન દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલા અને ફાયરિંગના જવાબમાં અમેરિકન સેનાએ આક્રમક વળતો પ્રહાર કરીને ઈરાનના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે, જેના કારણે બંને દેશો વચ્ચે ચાલી રહેલી સીઝફાયર (યુદ્ધવિરામ) ની મંત્રણાઓ પર જોખમ ઊભું થયું છે.ઈરાનની અર્ધ-સરકારી ન્યૂઝ એજન્સી 'મેહર' ના જણાવ્યા અનુસાર, હોર્મુઝ પ્રદેશ નજીક અમેરિકન નૌકાદળના જહાજોની શંકાસ્પદ હિલચાલ જોવા મળતા ઈરાને 'ચેતવણી' ના ભાગરૂપે અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગ વ્યૂહાત્મક બંદર શહેર 'બંદર અબ્બાસ' ના દરિયાકાંઠાથી થોડે દૂર



આવેલા લારેક દ્વીપ નજીક કરવામાં આવ્યું હતું.બીજી તરફ, અમેરિકન અધિકારીઓએ દાવો કર્યો છે કે ઈરાને હોર્મુઝ તરફ અનેક એટેક ડ્રોન લોન્ચ કર્યા હતા. યુએસ સેન્ટ્રલ કમાન્ડે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું કે, પ્રાદેશિક દરિયાઈ વાહનોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અમેરિકન સેનાએ ઈરાનના ૪ હુમલાખોર ડ્રોનને હવામાં જ તોડી પાડ્યા છે. એટલું જ નહીં, ભવિષ્યના હુમલા અટકાવવા માટે આત્મરક્ષામાં અમેરિકાએ ગોરુક અને કેશમ દ્વીપ પર સ્થિત ઈરાની તટીય દેખરેખ રડાર સાઈટ્સ પર બોમ્બમારો કરીને તેને તબાહ કરી દીધી છે. જોકે, ઈરાની મીડિયાએ બંદર અબ્બાસ પર હુમલાના દાવાને પાયાવિહોણો ગણાવ્યો છે.આ સૈન્ય અથડામણની થોડી જ ક્ષણો પહેલા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક ટીવી ઈન્ટરવ્યુમાં દાવો કર્યો હતો કે લાંબા સંઘર્ષના કારણે ઈરાનની સૈન્ય તાકાત નબળી પડી છે અને હવે તેની પાસે માત્ર ૨૧% થી ૨૨% જેટલી જ મિસાઈલો બચી છે. કુવૈતના મુખ્ય એરપોર્ટ પર ઈરાની ડ્રોન દ્વારા તાજેતરમાં કરાયેલા હુમલા અને આ તાજા ઘટનાક્રમ છતાં ટ્રમ્પે આશા વ્યક્ત કરી હતી કે તેમનું વહીવટીતંત્ર આ વિવાદનો સફળતાપૂર્વક અંત લાવશે. તેમણે પત્રકારોને દૃઢતાપૂર્વક કહ્યું કે, ''આપણે ગમે તે રીતે જીતીશું''.બીજી તરફ ઈઝરાયલ અને લેબેનોન સરહદે પણ સ્થિતિ વણસી છે. ટ્રમ્પ પ્રશાસને દાવો કર્યો હતો કે લેબેનોન સરકાર અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ કરાર થઈ ગયો છે, પરંતુ ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ આતંકી સંગઠને આ કરારને ફગાવી દઈને ફરીથી હુમલા શરૂ કરી દીધા છે. ઈરાને શરત મૂકી છે કે જ્યાં સુધી લેબેનોન પર ઈઝરાયલના હુમલા સંપૂર્ણપણે બંધ નહીં થાય, ત્યાં સુધી હોર્મુઝ જળમાર્ગ ખોલવા કે સીઝફાયર કરવા અંગે કોઈ સંમતિ બનશે નહીં. લેબેનોનમાં ચાલી રહેલી આ લડાઈ હવે વૈશ્વિક સપ્લાય ચેઈન અને તેલના વેપાર માટે જીવનરેખા સમાન હોર્મુઝ સ્ટ્રેટ માટે મોટો ખતરો બની ગઈ છે.

### ઝેલેન્સ્કી ઈમાનદાર ન લાગ્યા : પુતિન

# પુતિને યુદ્ધ ખતમ કરવા શાંતિ મંત્રણાનો પ્રસ્તાવ ફગાવ્યો

## રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને શુક્રવારે યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકીના બેઠકના પ્રસ્તાવને નકારી કાઢ્યો

મોસ્કો, તા.૬

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી દ્વારા આપવામાં આવેલા સીધી મુલાકાતના પ્રસ્તાવને નકારી કાઢ્યો છે. પોતાના વતન સેન્ટ પીટર્સબર્ગમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય આર્થિક મંચ દરમિયાન પુતિને જણાવ્યું કે હાલનું વાતાવરણ બંને દેશોના નેતાઓ વચ્ચે અર્થપૂર્ણ બેઠક માટે અનુકૂળ નથી.

ઝેલેન્સકીના ખુલ્લા પત્રનો ઉલ્લેખ કરતાં પુતિને પ્રશ્ન કર્યો કે શું આ પ્રકારની પહેલ ખરેખર વ્યક્તિગત મુલાકાત અને વાતચીત માટે અનુકૂળ પરિસ્થિતિ ઊભી કરવાનો પ્રયાસ છે કે પછી એવું વાતાવરણ સર્જવાનો પ્રયાસ છે જે કોઈપણ પ્રકારની સીધી મુલાકાતને અશક્ય બનાવી દે. તેમણે કહ્યું કે તેમની દૃષ્ટિએ બીજી શક્યતા વધુ યોગ્ય લાગે છે. પુતિને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે હાલમાં આવી બેઠકમાં તેમને કોઈ અર્થ કે ફાયદો દેખાતો નથી.

રશિયાના રાષ્ટ્રપતિએ વધુમાં જણાવ્યું કે તેમનો દેશ હજુ પણ શાંતિપૂર્ણ સમાધાન માટે તૈયાર છે. તેમના જણાવ્યા અનુસાર મોસ્કો અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રજૂ કરાયેલા શાંતિ પ્રસ્તાવના આધારે યુક્રેન સાથે કરાર કરવા ઈચ્છુક છે, પરંતુ તે માટે કિવને કેટલાક સમાધાનો સ્વીકારવા પડશે. પુતિને દાવો કર્યો કે રશિયન સૈન્ય યુદ્ધના મેદાનમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવામાં સફળ રહ્યું છે અને દેશ પોતાના વ્યૂહાત્મક લક્ષ્યો હાંસલ કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે.

પુતિને કહ્યું કે યુક્રેન તરફથી વધતા ડ્રોન હુમલાઓને ધ્યાનમાં રાખીને રશિયા પોતાની હવાઈ સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવી રહ્યું છે. તેમણે રશિયન જનતાની દેશભક્તિ અને મજબૂત ઈચ્છાશક્તિ પર વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું કે આ જ શક્તિ દેશને તેના લક્ષ્યો સુધી પહોંચાડશે.

બીજી તરફ, ઝેલેન્સકીએ સંપૂર્ણ યુદ્ધવિરામ અને સીધી વાટાઘાટોની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. પોતાના પત્રમાં તેમણે લખ્યું છે કે યુક્રેન અને રશિયા વચ્ચે સીધી વાતચીત દ્વારા જ આ યુદ્ધનો અંત લાવી શકાય છે. તેમણે પુતિનને વ્યક્તિગત બેઠક માટે આમંત્રણ આપતાં જણાવ્યું કે બંને દેશોના નેતાઓ વચ્ચે ખુલ્લો સંવાદ શાંતિ સ્થાપિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ શકે છે. રશિયાના રાષ્ટ્રપતિ કાર્યાલયે પણ આ પત્ર મળ્યાની પુષ્ટિ કરી છે.

પત્રકારો સાથેની ચર્ચા દરમિયાન પુતિને ગયા વર્ષે અલાસ્કાના એન્કોરેજ શહેરમાં ટ્રમ્પ સાથે થયેલી શિખર બેઠકનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે રશિયા તે ચર્ચાઓના આધારે શાંતિ કરાર કરવા તૈયાર છે.

તેમણે કહ્યું કે તે બેઠકમાં કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સમાધાનની શક્યતાઓ અંગે ચર્ચા થઈ હતી અને જો યુક્રેન પણ આ શરતો સ્વીકારી લે તો બંને દેશો વચ્ચેનો સંઘર્ષ ઝડપથી સમાપ્ત થઈ શકે છે. આ નિવેદનો બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ફરી એકવાર રશિયા-યુક્રેન યુદ્ધના ભવિષ્ય અંગે ચર્ચાઓ તેજ બની છે. નિષ્ણાતોનું માનવું છે કે બંને દેશો વચ્ચે સીધી વાટાઘાટો અને પરસ્પર સમાધાનનો માર્ગ અપનાવવામાં આવે તો લાંબા સમયથી ચાલી રહેલા આ સંઘર્ષનો શાંતિપૂર્ણ અંત આવી શકે છે.

### ફેડરલ જજે ૩૯ દેશોને અસર કરતી ટ્રમ્પ વહીવટીતંત્રની ઈમિગ્રેશન નીતિ રદ કરી

# ભારતે વર્ષો સુધી US પર ઊંચા ટેરિફ નાંખી લાભ લીધો છે, હવે સ્થિતિ બદલાઈ છેઃ ટ્રમ્પ

## બંને દેશો વચ્ચે ટૂંક સમયમાં એક મોટો વેપાર કરાર પણ થઈ શકે છે કેમ કે મને નરેન્દ્ર મોદી પસંદ છેઃ અમેરિકન પ્રમુખ

વોશિંગ્ટન, તા.૬

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે ભારત સાથેના વેપાર અંગે કહ્યું કે વર્ષો સુધી ભારતે અમેરિકા પર ઊંચા ટેરિફ લાદ્યા હતા અને તેનો લાભ લીધો હતો. પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે અને અમેરિકા ભારત સાથેના વેપારમાંથી સારી આવક મેળવી રહ્યું છે.ટ્રમ્પે વધુમાં કહ્યું કે અમેરિકા અને ભારત વચ્ચે ટૂંક સમયમાં એક મોટો વેપાર કરાર પણ થઈ શકે છે, કારણ કે તેમને નરેન્દ્ર મોદી ખૂબ પસંદ છે. મોદી મારા ખૂબ સારા મિત્ર છે. અમારા સંબંધો સારા છે અને અમે એકબીજાને સારી રીતે સમજીએ છીએ. ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકાની એક ટીમે તાજેતરમાં નવી દિલ્હીમાં ભારત સરકારના અધિકારીઓ સાથે અનેક તબક્કાની ચર્ચાઓ કરી છે. બંને દેશો એક અસ્થાયી વેપાર કરાર પર સહમતિ બનાવવા પ્રયત્ન કરી રહ્યા છે, જેથી વેપાર સંબંધિત કેટલાક મુદ્દાઓનો વહેલો ઉકેલ લાવી શકાય. ભારતના વાણિજ્ય મંત્રાલય મુજબ, બંને દેશો એવો કરાર કરવા માંગે છે જેનાથી ભારત અને અમેરિકા બંનેને લાભ થાય. એટલે કે, બંને પક્ષો વેપાર કરારને આગળ વધારવા માટે હજુ પણ સાથે મળીને કામ કરી રહ્યા છે. વેપારી કરારો અંગેની ચર્ચાઓ વચ્ચે એક નવી મુશ્કેલી પણ ઉભી થઈ છે. અમેરિકાએ કેટલાક દેશો પર વધારાની ટેરિફ લગાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. અમેરિકાનું કહેવું છે કે આ દેશો બળજબરીપૂર્વકની મજૂરી સંબંધિત મુદ્દાઓને રોકવા માટે પૂરતા પગલાં લઈ રહ્યા નથી. અમેરિકા જે ૫૬ દેશો ઉપર વધારાનો ટેરિફ નાંખવા વિચારી રહ્યું છે તેની યાદીમાં ભારતનું નામ પણ સામેલ છે. જો આ નિર્ણય અમલમાં આવશે, તો અમેરિકા જતાં ભારતીય માલ પર ૧૨.૫% વધારાનો ટેક્સ લાગી શકે છે. તેના કારણે ભારતીય ઉત્પાદનો અમેરિકન બજારમાં વધુ મોંઘા બની શકે છે અને નિકાસકારો પર તેની અસર પડી શકે છે.નેશનલ ગાર્ડના બે સભ્યો પર થયેલાં ગોળીબાર બાદ અમલમાં આવેલી ટ્રમ્પ વહીવટીતંત્રની એક નીતિને ફેડરલ જજે રદ કરી દીધી છે. આ નીતિને કારણે ૩૯ દેશોના ઈમિગ્રન્ટ્સ માટે દેશમાં પ્રવેશવું અને રહેવું મુશ્કેલ બની ગયું હતું. યુએસ ડિસ્ટ્રિક્ટ ચીફ જજ જોન મેકકોનેલ જુનિયરે ચુકાદામાં જણાવ્યું હતું કે આ નીતિએ ''યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેતા અસંખ્ય ઈમિગ્રન્ટ્સના જીવનને અનિશ્ચિત કાનૂની અદ્ધરતાલમાં ધકેલી દીધું છે.'' તેમણે યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ પર કાયદાની અવગણના કરવાનો પણ આરોપ લગાવ્યો હતો. તેમણે લખ્યું, ''પોતાની નવીનતમ ઈમિગ્રેશન નીતિઓ લાગુ કરવામાં, વૈધાનિક અને નિયમનકારી અધિકારોનો દાવો કરે છે જે તેની પાસે છે જ નહીં, તે જરૂરી તર્કબદ્ધ સ્પષ્ટતાઓ આપ્યા વિના જ નિર્ણયો લે છે.''

# મણિપુરમાં સશસ્ત્ર ટોળાનો હુમલો એક મહિલા સહિત ત્રણનાં મોત

ઈમ્ફાલ, તા.૬

દેશના ઉત્તર-પૂર્વ રાજ્ય મણિપુરમાં આશરે ત્રણ વર્ષથી ચાલી રહેલી અટકવાનું નામ નથી લઈ રહી. અહીંના કાંગપોકપી જિલ્લાના એક ગામમાં સશસ્ત્ર ટોળાએ કરેલાં હુમલામાં એક મહિલા સહિત ત્રણ લોકોના મોત નિપજ્યાં હતાં. વહેલી પરોઢે આશરે ૪ વાગે થયેલાં આ હુમલામાં લોઈબોલ ખુલન ગામના સાત ઘરોને આગ ચાંપી દેવાઈ હતી. ઘટનાની માહિતી આપતાં સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ હુમલામાં બે હરીફ જૂથો વચ્ચે કેટલીક મિનિટો સુધી સામસામે ગોળીબાર થયો હતો જેમાં ત્રણ લોકોના સ્થળ પર જ મોત નિપજ્યાં હતાં. હુમલાના કારણે ગામના લોકો ભાગીને નજીકમાં આવેલાં જંગલમાં છુપાઈ ગયાં હતાં. મણિપુરના મુખ્યમંત્રી વાય. ખેમચંદ સિંઘે આ હુમલાની નિંદા કરતાં તેને અમાનવીય અને કાયરતાપૂર્ણ ગણાવ્યો હતો. મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં સિંઘે જણાવ્યું હતું કે, આ હુમલો કરનારાઓને કોઈ પણ ભોગે છોડવામાં નહીં આવે, તેમની વિરુદ્ધ આકરી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. નિઃશસ્ત્ર સામાન્ય નાગરિકો પર કરાયેલો આ હુમલો અસ્વીકાર્ય છે તેમ જણાવતાં તેમણેરાજ્ય પોલીસ તથા અન્ય સુરક્ષા એજન્સીઓને હુમલાખોરોને શક્ય તેટલી ઝડપથી પકડી પાડવા આદેશ આપ્યો હતો. આ સાથે જ પીડિત પરિવારોને જરૂરી તમામ સહાય ઉપલબ્ધ બનાવવા જણાવ્યું હતું. રાજ્યના નાયબ મુખ્યમંત્રી નેમચા કિપજેને પણ આ હુમલાની ટીકા કરતાં જણાવ્યું હતું કે, રાજ્યના નિર્દોષ લોકો પર કાયરતાપૂર્ણ હુમલો કરી તેમની હત્યા કરવાની ઘટના તદન અસ્વીકાર્ય છે. સરકાર આ મામલાને અત્યંત ગંભીરતાથી લઈ જવાબદારોને પાઠ ભણાવશે.


07-06-2026_23 Jan Fariyad_New_P-1

# સુરત મનપાએ કહ્યું- અમે નથી કરી કોઈ કાર્યવાહી

સુરત, તા.૬

સુરતના કતારગામ ઝોન અંતર્ગત આવતા વેડ દરવાજા સ્થિત નાસિરનગરમાં ૨ જૂનના થયેલા હાઈપ્રોફાઈલ ડિમોલિશનને લઈને હવે અનેક વિવાદ ઉભા થયા છે. નાસિરનગરમાં ડિમોલિશન મુદ્દે મનપાએ તો હાથ ખંખેરી નાંખ્યા છે. ત્યારે સોશિયલ મીડિયામાં આ ડિમોલિશનને લઈ જાતજાતની ચર્ચાઓ થઈ રહી છે. નાસિરનગરના બેઘર બની ગયેલા લોકો જ્યારે મહાપાલિકા કચેરી ખાતે પહોંચ્યા ત્યારે મનપાએ ડિમોલિશન કરવાથી નનૈયો ભણી દીધો. તો આ ડિમોલિશન કોણે કર્યું તે મુદ્દે પણ મનપાના એસ્ટેટ વિભાગના જવાબદારો કે મહાપાલિકા કમિશનર તરફથી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

હાલ તો સોશિયલ મીડિયામાં ચર્ચાઓ એવી વહેતી થઈ છે કે કોઈ બિલ્ડરને લાભ કરાવવા આ ખાનગી ડિમોલિશન કરાયું છે. જ્યારે મકાનો તોડવામાં આવ્યા ત્યારે ઘટનાસ્થળે પૂરતો પોલીસ બંદોબસ્ત પણ હતો ત્યારે સવાલ તો એ થાય કે આ નકલી પ્રશાસનને કોની રહેમનજર હેઠળ પોલીસ પ્રોટેક્શન આપવામાં આવ્યું. આ આખી ઘટના પાછળ કરોડો રૂપિયાના જમીન કૌભાંડ અને બિલ્ડર લોબીની આર્થિક સાંઠગાંઠ હોવાની વિગતો પણ સપાટી પર આવી રહી છે. જે જગ્યાએ આ વિવાદાસ્પદ ડિમોલિશન કરવામાં આવ્યું છે ત્યાં બાજુમાં જ એક મોટા માથા ગણાતા બિલ્ડરનો આલીશાન નિર્માણાધીન પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. બિલ્ડરના પ્રોજેક્ટને મોટો રોડ ફ્રન્ટેજ આપવા અને જમીનની કિંમત રાતોરાત વધારવા માટે આખી ગોઠવણ થઈ હોવાની ચર્ચા સ્થાનિક સ્તરે જોર પકડી રહી છે. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ ડિમોલિશન પહેલા ૧૫ દિવસની નોટિસ આપવી ફરજિયાત છે, જેનું અહીં સરેઆમ ઉલ્લંઘન થયું છે. કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ દાવો કર્યો કે આ સ્લમ વસાહત ૬૦ વર્ષ જૂની છે.

# વસ્તી ગણતરીની કામગીરી વચ્ચે શિક્ષકોના પગાર અટવાતા રોષ

ગાંધીનગર, તા.૬

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા ૨ લાખ પ્રાથમિક શિક્ષકો માટે નવો મહિનો આર્થિક સંકટ લઈને આવ્યો છે. વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડનારા શિક્ષકોના ઘરનું બજેટ મોંઘવારીમાં ખોરવાઈ ગયું છે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સમયસર ગ્રાન્ટ મંજૂર ન થવાને કારણે શિક્ષકોના પગારમાં થઈ રહેલો અસહ્ય વિલંબ હાલ ચર્ચાનો વિષય બન્યો છે.

તાજેતરમાં યોજાયેલા વિધાનસભા સત્રમાં રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ વિભાગ માટે રેકોર્ડબ્રેક ૬૩,૧૮૪ કરોડ રૂપિયાનું બજેટ જાહેર કરાયું હતું. મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ અને અન્ય સરકારી યોજનાઓ પાછળ કરોડો રૂપિયા ખર્ચવાની જાહેરાતો તો થઈ, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ ચિંતાજનક છે. બજેટમાં આટલી મોટી રકમની જોગવાઈ હોવા છતાં, જે શિક્ષકો આ આખી વ્યવસ્થાની કરોડરજ્જુ છે, તેમને જ સમયસર વેતન મેળવવા માટે વલખાં મારવા પડી રહ્યા છે. પગાર સમયસર ન થવાથી શિક્ષકોના હોમ લોન, કાર લોનના હપ્તા બાઉન્સ થઈ રહ્યા છે અને તેમના પરિવારો ભારે આર્થિક માનસિક તાણ અનુભવી રહ્યા છે. વિદ્યાર્થીઓને ભણાવવા ઉપરાંત શિક્ષકોને ડિજિટલ ડેટા એન્ટ્રી, વિવિધ સરકારી સર્વે, મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા અને ચૂંટણીલક્ષી કામગીરી જેવા અસંખ્ય બિન-શૈક્ષણિક કામો સોંપાય છે. આ અતિશય વર્ક લોડને કારણે તેઓ માનસિક રીતે થાકી જાય છે, જેની સીધી અસર શિક્ષણની ગુણવત્તા પર પડી રહી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં એક બાજુ અન્ય વિભાગોમાં કામ કરતા કર્મચારીઓના પગાર સમયસર થતાં હોય છે, જ્યારે માત્ર શિક્ષકોના પગાર ઘણાં સમયથી મોડા થવાના કારણે શિક્ષકો કામના ભારણ વચ્ચે આર્થિક સમસ્યાની સાથે માનસિક તણાવનો પણ અનુભવ કરી રહ્યા છે.

### આઈપીએસ જીએસ મલિક ૧૯૯૩ની બેચના IPS છે

# રાજ્યના પોલીસવડા તરીકે જી એસ મલિક તરીકે નિયુકત

## પોલીસ દળમાં ત્રણ દાયકાનો બહોળો અનુભવ ધરાવતા IPS જીએસ મલિક રાજ્યના નવા પોલીસવડા બન્યા છે

ગાંધીનગર, તા.૬

ગુજરાતને આખરે નવા પોલીસવડા મળ્યા છે. રાજ્યના નવા ડીજીપી તરીકે જી.એસ મલિકની નિમણૂંક કરવામાં આવી છે. હજી ૧ જાન્યુઆરીથી ઈન્ચાર્જ ડીજીપી તરીકે કે.એલ.એન રાવ હતા. ત્યારથી તેઓ ઈન્ચાર્જ પદે જ કાર્યરત હતા. ૫ મહિના ચાર્જ બાદ આખરે કાયમી ડીજીપીની નિમણૂંક કરવામાં આવી છે. આઈપીએસ જીએસ મલિક ૧૯૯૩ની બેચના IPS છે.

પૂર્વ પોલીસવડા વિકાસ સહાયને ૬ મહિનાનું એક્સટેન્શન અપાયા બાદ નવા ડીજીપી તરીકે અનેક નામ ચર્ચામાં હતા. જેમાં અમદાવાદના કમિશનર જીએસ મલિક પણ રેસમાં હતા. કારણ કે, તેઓ ગુજરાત સરકારની ગુડબુકમાં પણ હતા. પોલીસવડાની રેસમાં હોદ્દા મુજબ, IPS ડો. કે. એલ. એન. રાવ, અમદાવાદના પોલીસ કમિશનર જી. એસ. મલિક અને IPS શમશેર સિંઘના નામ ચર્ચામાં હતા. જેમાં સરકારે કોથળામાંથી બિલાડું કાઢવા જેવો ઘાટ સર્જીને ડીજીપીના પદને બાજુ પર મૂકીને ડો. કે. એલ. એન. રાવની ઈન્ચાર્જ ડીજીપી તરીકે નિમણૂંક કરી. લગભગ ૧ જાન્યુઆરી ઈન્ચાર્જ ડીજીપી તરીકે કે. એલ.એન રાવ ચાર્જમાં હતા. આખરે ૫ મહિના ચાર્જ બાદ કાયમી ડીજીપીની નિમણૂક કરવામાં આવી.

કારકિર્દીની મુખ્ય ઝલક

તેમનો પોલીસ દળમાં ત્રણ દાયકાથી વધુનો બહોળો અનુભવ છે.

તેઓ અમદાવાદ, વડોદરા, ગાંધીનગર અને કચ્છ સહિતના અનેક જિલ્લાઓમાં ફરજ બજાવી ચૂક્યા છે.

કચ્છમાં એસ.પી. તરીકેના કાર્યકાળ દરમિયાન તેમણે પાકિસ્તાની સીમા પર થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને નકલી ચલણી નોટોના રેકેટનો પર્દાફાશ કર્યો હતો.

BSF (બોર્ડર સિક્યોરિટી ફોર્સ) ના IG તરીકે પણ તેમણે ગુજરાતની દરિયાઈ સીમા પર પાકિસ્તાની ઘૂસણખોરી રોકવા માટે મહત્વના ઓપરેશન્સનું નેતૃત્વ કર્યું હતું.

તેઓ ક્રાઈમ બ્રાન્ચમાં ડીસીપી તરીકે હતા ત્યારે તેમણે કુખ્યાત ગેંગ્સ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરી હતી.

વડોદરામાં પોલીસ કમિશનર તરીકે પણ તેમની કામગીરી ખૂબ જ ચર્ચાસ્પદ અને અસરકારક રહી હતી.

તેઓ તેમની કડક અને ઈમાનદાર કાર્યશૈલી માટે જાણીતા છે, ખાસ કરીને ગેરકાયદેસર દબાણો હટાવવા અને સંગઠિત ગુનાખોરી ડામવામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી છે.જી. એસ. મલિકનું પૂરું નામ જ્ઞાનેન્દ્રસિંહ મલિક છે અને તેઓ હરિયાણાના રહેવાસી છે. તેઓ ૧૯૯૩ની બેચના IPS અધિકારી છે. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત કચ્છમાં ASP તરીકે કરી હતી. તેમણે CISF ના ADG (નોર્થ) તરીકે સેવાઓ આપી છે. તેઓ BSF માં IG તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. ભરૂચના SP તરીકેના કાર્યકાળ દરમિયાન તેમણે કદાવર આદિવાસી નેતા છોટુ વસાવાની ધરપકડ કરી હતી. ૨૦૦૯માં ચંડોળા ડેમોલિશન વખતે તેઓ સ્પેશિયલ બ્રાન્ચમાં હતા.

# મે-જૂનમાં કુદરતી આપત્તિ, યુદ્ધનું સંકટ અને રાજકીય ઉથલપાથલના એંધાણ

**Yoggi Astrology**ના અંક ૧૮૭ માં આપ સૌનું સ્વાગત છે. પાછલા અંકમાં મંગળનું તાંડવ તથા મંદી ઉપર વિશેષ ચર્ચા કરી હતી તથા કુદરતી આપત્તિ ઉપર પણ ચર્ચા કરી હતી. ગુજરાતમાં અમુક જગ્યા ઉપર અતિશય વરસાદ થયો છે. પ્લેન ક્રેશ ઉપર પણ લખ્યું હતું, તેમાં **EA-18 Fighter Jet's Crash in Air,** અમેરિકામાં પ્લેન હાઈજેક કરવાની કોશિશ, દિલ્હીમાં ધરતીકંપ જેવી ઘટના જોવા મળી છે. અમેરિકામાં **Dallas**માં એપાર્ટમેન્ટ **Deadly Blas** ઘટના જોવા મળેલ છે. એવીકુદરતી તથા અન્ય ઘટનાઓ થતા તમે જોઈ હશે. હવાઈ જ્વાળામુખી બ્લાસ્ટ ૧૦૦૦ ફીટ ઉપર થયો. મંગળ તેનું તાંડવ બતાવે છે હજી ઘણું બધું થતું જોવા મળશે.

હાલ સૂર્ય વૃષભ રાશિમાં છે ત્યારે મંગળ મેષ રાશિમાં છે. મિથુન, ગુરૂ, બુધ, શુક્ર બેઠા છે પરંતુ ૩ જૂન થી ગુરુ કર્ક રાશિમાં જઈ રહ્યો છે. ગુરુ કર્ક રાશિમાં ઉચ્ચનો થાય છે. પરંતુ કર્ક રાશિ એક જલીય રાશિ છે. તેવી રીતે મીન પણ જલીય રાશિ છે આમ જોતાં ગુરુ એ કુદરતી આપત્તિ માટે મુખ્ય ગુરુ કહેવામાં આવે છે મીનમાં શની-નેપ્ચ્યુન ૩ જૂનથી વિશ્વમાં કુદરતી પ્રકોપ થતો જોવા મળશે. તેમાં વાવાઝોડું, હેરીકેન, વરસાદ, જમીન ધસી પડવી જેવી ઘટના સતત ન્યૂઝમાં જોવા મળશે. મોસમ અગાઉ ફેરફાર થતાં જોવા મળશે. ત્યારબાદ ૧૪ જૂનથી સૂર્યદેવ મિથુન રાશિમાં આવશે, ગુરૂ કર્ક રાશિમાં આવવાથી રાહુનો પ્રભાવ ઘટશે આથી થોડા સમય મધ્યમ થતો જોવા મળશે કર્કનો ગુરુ હોવાથી ધર્મ ઉપર કંઈક વિશેષ થતું જોવા મળશે. આ ઉપરાંત ન્યાયપાલિકામાં ઘણા ફેરફાર થતાં જોવા મળશે, ૩ જૂન ગુરુ ઉચ્ચ થયા બાદ ૯ જૂન શુક્ર કર્કમાં આવશે ત્યારે બંને ડિગ્રી સરખી થવાથી ગુરુની શુભતામાં અસર થશે જેને પ્લેનેટરી વોર પણ કહે છે. પ્લેનેટરી મતલબ બંને ગ્રહો ૧ ડિગ્રી સામસામે હોય તેને કહે છે. કર્ક રાશિ ગુરુમાં આવ્યા પછી તેની પાંચમી દ્રષ્ટિ વૃશ્ચિક રાશિ, દશમી દ્રષ્ટિ મકર રાશિ અને નવમી દ્રષ્ટિ મીન ઉપર પડશે, આ સમયે શનિ મીન રાશિમાં બેઠો છે, મારા અંકમાં ઈરાનની કુંડળીની વાત કરી હતી, તેમાં ઈરાનની કુંડળી કર્ક લગ્નની છે આથી ઈરાન માટે એક શુભ સંકેત જોવા મળે છે, પરંતુ આ શાંતિ લાંબી નથી, ભારતની વૃષભ લગ્નની કુંડળીમાં ગુરુ ત્રીજે આવે છે, જે પડોશી દેશ બતાવે છે, પરંતુ ત્યાં પાંચમી દ્રષ્ટિ સાતમે પડે છે, જે પણ પડોશી બતાવે છે. ત્યારબાદ નવમી દ્રષ્ટિ લાભ ભાવમાં શનિ ઉપર પડે છે, શાંતિ જેવું વાતાવરણ લાગશે પરંતુ પાડોશી દેશ કંઈ કરશે તો ભારત તેનો મુહતોડ જવાબ આપશે. કર્કનોગુરૂ થવાથી સોનામાં તેજી જોવા મળશે.

કર્કનો ગુરૂ જ્યારે શનીના નક્ષત્રમાં આવશે ત્યારે ગુરૂની ડિગ્રી ૩ થી ૪ ડિગ્રી વચ્ચે હશે ત્યારે કોઈ યુદ્ધ સંભાવના બને છે. કર્ક રાશિમાં ગુરૂ આવશે ત્યારે પુનર્વસુ નક્ષત્રમાં હશે, તે પોતાનું નક્ષત્ર છે. ત્યારબાદ પુષ્યમાં જશે. ૨ જૂન કે ૧૮ જૂન સુધી પુનર્વસુ નક્ષત્રમાં રહેશે ત્યારે આ સમય દરમ્યાન મેટલની કિંમત અપડાઉન થતી જોવા મળશે. ત્યારબાદ શનીના પુષ્ય નક્ષત્રમાં આવશે, જે ૧૮ ઓગસ્ટ સુધી રહેશે. આ શનીનું નક્ષત્રમાં પણ ઘણી ઉથલપાથલ થતી જોવા મળશે. કર્ક ગુરુનો હોવાથી સરકાર, **RBI** થકી બેંક ઉપર નવા-નિયમો લાવશે, આથી બેંકના સ્ટૉક અપડાઉન થતાં જોવા મળશે. આ સમય દરમ્યાન ધ્યાનથી સ્ટૉક લેવા. આ સમય દરમ્યાન બેંકોનું કૌભાંડ બહાર પડશે ત્યારબાદ આશ્લેષા નક્ષત્ર જે ૧૮ ઓગસ્ટ થી ૧૮ ઓક્ટોબર સુધી રહેશે. જ્યારે ગુરુ કર્ક રાશિમાં જશે ત્યારે નવમી દ્રષ્ટિ શની ઉપર પડશે આથી જલીય રાશી એક્ટીવ થઈ જશે. જેમાં ગુરુ કર્ક રાશિમાં જશે ત્યારબાદ વિશ્વમાં આંધી તોફાન, વાવાઝોડું, ભારે વરસાદ જેવી ઘટનાઓ જોવા મળશે. ૧૮ ઓગસ્ટ પછી આશ્લેષા નક્ષત્રમાં લોકો કુદરતી આપત્તિથી ત્રાસી જશે. આ સમય દરમ્યાન શની રેવતીએ બુધનું નક્ષત્ર છે. આ સમય દરમ્યાન પાણીથી જાનમાલનું નુકસાન, જમીન ધસી જવાની મોટી દુર્ઘટના, ડેમ તૂટવાની સંભાવના, પૂર તૂટવાની સંભાવના જોવા મળશે. કર્ક ગુરુથી મહિલા વર્ગમાં સારુ થતું જોવા મળશે. મોટી જગ્યા ઉપર પ્રમોશન થતું જોવા મળશે જેમાં જેનો જન્મ ગુરૂ કર્ક રાશિ માં હશે તેમના માટે સમય ઉત્તમ બની રહેશે.

આ સમય દરમ્યાન નવી પાર્ટી બનશે જૂની પાર્ટી તૂટશે. દ્રર્ઈ્માં હલચલ થતી જોવા મળશે. પાકિસ્તાન-અમેરિકા વચ્ચે સંઘર્ષ થતું જોવા મળશે. પાકિસ્તાન-અમેરિકા સંઘર્ષ થતું જોવા મળશે. પાકિસ્તાનમાં સરકાર તૂટશે જે આર્મીના હાથમાં સત્તા જતી જોવા મળશે.

કર્કનાં ગુરુમાં અમુક જગ્યા ઉપર અતિશય વરસાદ જ્યારે અમુક વરસાદ ન પડવાથી દુકાળ પડે. મંડલ અને ભૂચક્ર ઉપરથી કહી શકાય કે મીડલ-ઈસ્ટ, આફ્રિકા, મેક્સિકો, જલ સંકટ બતાવે છે ભારત, ઓસ્ટ્રેલિયા, ચીન, અમેરિકા, યુરોપ ના દેશો ભારે વરસાદ પડશે આથી લીલો દુષ્કાળ પડે તેવી સંભાવના બને છે કર્ક ગુરૂ દરમ્યાન રાજ્ય, દેશના નેતાનો ઈગોથી કોઈ મોટી ભૂલ કરવાથી પરિસ્થિતિ વિપરીત બને. વિશ્વમાં લીડર પોતાની પાર્ટીમાંથી બીજી પાર્ટીમાં સામેલ થતાં જોવા મળશે અમેરિકા, યુરોપ, ચીન જેવા દેશોમાં પ્રબળ વિદ્રોહ થતાં જોવા મળશે. હું જે લાંબા સમયથી લખી રહ્યો હતો તે વિદ્રોહ હવે થતો જોવા મળશે. આથી જે તે દેશના રાજા માટે ખરાબ સમય બનશે. અમુક દેશમાં સત્તા પરિવર્તન થશે. કર્ક ગુરૂ જલીય રાશી અને મીન શની એ પણ જલીય રાશિ આથી જલીય રાશિ માટે કલર મ્ક્ષ્ઠ્ઠ શ્ મ્ક્ષ્ઠ્ઠષ્ઠા જે બતાવે છે કે જે તે દેશના ધ્વજમાં હોય તે દેશની પોલિટિકલ ઈન્સ્ટેબિલિટી બતાવે છે. જૂન-ઓગસ્ટમાં મેટલના ભાવમાં વધારો થતો જોવા મળશે. મેટલના સ્ટોકમાં આંશિક વધારો થતો જોવા મળશે, આ ઉપરાંત મસાલાનાં ભાવ વધશે. અનાજ મોંઘું થવાથી જનતા માટે કપરો સમય બનશે. કર્ક ગુરૂમાં સ્ત્રી વર્ગ માટે સારો સમય બતાવે છે આથી મહિલા આરક્ષણ બિલ પાસ થાય તેવી સંભાવના બનશે. આ સમય દરમ્યાન મહિલા ઉચ્ચ સ્થાન ગ્રહણ કરતાં જોવા મળશે. અમુક દેશમાં મહિલા વડાપ્રધાન બનશે.

કર્ક ગુરુમાં હોવાથી કુદરતી આપત્તિ થતી જોવા મળશે. જેમાં ખાસ પાણીથી થતી ઘટના જોવા મળશે. ધરતીકંપ જેવી ઘટના, આ ઉપરાંત મંગળ તેનું તાંડવ હજુ ચાલુ રાખશે જેથી જ્વાળામુખી, ધરતીકંપ, આગ, આકાશીય ઘટના, સ્પેસ ઘટના, પ્લેન દુર્ઘટના, આત્મઘાતી હુમલો, આર્મી ઉપર એટેક, આતંકવાદી ઘટના, ધર્મગુરુ ઉપર હુમલા જેવી ઘટના થતી જોવા મળશે.

મારા પાછલા અંક પ્રમાણે વિશ્વમાં આગળની ઘણી બની છે. આ ઉપરાંત મ્યાનમાર **Deadly Blas** મોટી જાનહાનિ થઈ છે. **Guatemala** માં **Volcano** એક્ટીવ થયો, અમેરિકામાં **Asteroid Explosion** જોયું, ચીન અને રાજસ્થાનમાં **Dust Blast**નું તોફાન, એવી ઘણી ઘટના થતી જોઈ છે.

**Yoggi Astrology**ની મુલાકાત લઈ તમારા જીવનની સમસ્યા માટે જરૂરથી મુલાકાત લઈ યોગ્ય નિવારણ માટે મારી જરૂરથી મુલાકાત કરશો. આવનાર સમય માટે પહેલેથી યોગ્ય ઉપાય કરીને જીવનમાં આગળ વધવા માટે તમારી કુંડળી નિવારણ કરી આપીશું. મારો સંપર્ક ફોન નંબર ૯૭૨૫૮ ૭૭૭૮૨ તથા +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ છે.

**Yoggi Astrology**
**Yogesh Gandhi**
**(M.Sc, B.Ed)**
**77, Mission Ridge, TR,**
**BRAMPTON, CANADA**
૯૭૨૫૮ ૭૭૭૮૨ (ભારત)
+૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ (કેનેડા)

### ઘર તૂટતા મહિલાઓ અને બાળકો રડવા લાગ્યા

# મોટેરામાં ગેરકાયદે બાંધકામો પર ચાલ્યું તંત્રનું બુલડોઝર

અમદાવાદ, તા.૬

અમદાવાદના મોટેરા ગામમાં આજે મેગા ડિમોલિશન હાથ ધરાયુ હતું. મોટેરામાં આસારામ આશ્રમ નજીકના ગામતળ જમીન પર ડિમોલેશનની કામગીરી હાથ ધરાઈ હતી. જમાં ગામ લોકો વિરોધ પર ઉતરી આવ્યા હતા. મનપાના અધિકારીઓ સામે લોકોની નારાજગી જોવા મળી હતી. માપણી વગર ડિમોલિશન કરવા આવ્યા હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો. સાથે જ મકાન ખાલી કરવાની સૂચના મળતાં જ સ્થાનિકો અધિકારીઓ પર વિફર્યા હતા. આસારામ આશ્રમ પાસે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. મહિલાઓ પોતાનું મકાન તૂટતા રડી પડી હતી. પોલીસ બંદોબસ્ત સાથે સવારે મોટેરા વિસ્તારમાં ડિમોલિશન કામગીરી હાથ ધરાઈ હતી. ડીમોલેશનમાં ૫ પીઆઇ, ૧ acp, ૧૦ પીએસઆઈ અને ૧૦૩ કોન્સ્ટેબલ બંદોબસ્તમાં પહોચ્યા હતા. આ વચ્ચે જ ડિમોલિશન કરવા આવેલા લોકો પર સ્થાનિકોનો આક્રોશ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ ભારે વિરોધ કર્યો હતો. લોકોનો સહકાર ન મળતા વિરોધ કરનારા લોકોની પોલીસે અટકાયત કરી હતી. પોલીસ અને સ્થાનિકો વચ્ચે ઝપાઝપી થઈ હતી. અનેક મહિલાઓની પણ અટકાયત કરવામાં આવી છે. આખા જુના મોટેરા ગામના લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. એક મહિલાએ કહ્યું કે, હવે અમે થાકી ગયા છે. અમારી પાસે સનદ છે, ઈન્દિરાવાસ યોજનામાં અમને કાયદેસરના મકાન છે. હું મારા છ મહિનાન છોકરા સાથે ક્યાં જઉ. અમારા પરિવાર પાસે બીજે જવાની કોઈ વ્યવસ્થા નથી. મકાન ખાલી કરીને ક્યા જઈશું. આજે મકાનના ભાડા પણ ૨૫ હજાર સુધીના વધી ગયા છે. તો અન્ય એક મહિલાએ કહ્યું કે, કોઈ વિકાસ નથી, માત્ર અમારો વિનાશ જ છે. આજે અમારી માંગ પૂરી કરવામાં નહિ આવે, અમને યોગ્ય વળતર આપવામાં નહિ આવે તો તો અમે બધા અહી મરી જઈશું, પણ તોડવા નહિ દઈએ. કલેક્ટર ઓફિસ અને amc તંત્ર દ્વારા આજે મોટેરા વિસ્તારમાં સંયુક્ત ઓપરેશન હાથ ધરાયું હતું. આસારામ આશ્રમ નજીકના વિસ્તારમાં ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરાઈ હતી. સ્પોર્ટ્સ વિલેજ બનાવવાના આયોજન અંતર્ગત સરકારી જમીન પર બનેલા ગેરકાયદે બાંધકામો દૂર કરાશે. જોકે, સ્થાનિકોના આખા ઘર તોડવાનું આયોજન નથી. જેઓએ આપમેળે દબાણ દૂર કર્યા તેઓને કોઈ અસર નહિ થાય. સરકારે આપેલી સનદ મુજબ ૫૦ ચો.મીટરથી વધુનું જ બાંધકામ દૂર કરાશે. અંદાજે ૧૭ જેટલા ઘરનું વધારાનું બાંધકામ દૂર કરાશે. જેઓએ સંપૂર્ણ ઘર તોડવા મંજૂરી આપી છે તેઓએ નિયમ મુજબના વૈકલ્પિક ઘર પણ આપવામાં આવશે. આસારામ આશ્રમ કેસ હાલ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે.

### બે NRI સહિત ૧૪ સામે ગુનો

# મહેસાણામાં ચોંકાવનારી ઘટના : શાળા મંદિર અને ગામનો વિસ્તાર વેચી માર્યો

મહેસાણા, તા.૬

કડી તાલુકાના વડાવી (તરસનીયા) ગામની સીમમાં આવેલી બે જમીનોના વેચાણ દસ્તાવેજની નોંધણી એક વર્ષ અગાઉ કરવામાં આવી હતી. જોકે, એ સમયે પ્રાથમિક શાળાના આચાર્યની વાંધા અરજી અને તલાટીના જવાબના આધારે એક ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો કે, આ વિવાદિત જમીન પર તરસનીયા પ્રાથમિક શાળા, નીલકંઠ મહાદેવનું મંદિર, તબેલો, આંગણવાડી અને રહેણાંક પાકા મકાનો આવેલાં છે, તેમજ ૩૦થી વધુ વૃક્ષો પણ ઊભાં છે.તંત્ર દ્વારા કરવામાં આવેલી ચકાસણીમાં સામે આવ્યું છે કે, જમીન વેચનાર અને ખરીદનાર બંને પક્ષોએ ખેતીલાયક જમીનના ખોટા ફોટોગ્રાફ્સ તેમજ ખોટી માહિતીને સાચી દર્શાવીને સરકારી અધિકારીને ગેરમાર્ગે દોરવાનું કૃત્ય આચર્યું હતું. આ મામલે કડીના સબ-રજિસ્ટ્રારે બાવલુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ૧૪ શખ્સો સામે ગુનો દાખલ કરી કાયદેસરની તપાસ શરૂ કરી છે.વાસ્તવમાં, કડી તાલુકાના વડાવી ગામે આવેલા નવા સર્વે નંબર ૩૩૩ (હે.આ.રે. ૧-૧૪-૧૩) અને નવા સર્વે નંબર ૧૯૭ (હે.આ.રે. ૦-૧૬-૭૪) વાળી જૂની શરતની ખેતીની જમીનના વેચાણ દસ્તાવેજ રજૂ કરાયા હતા.

તે સમયે માલિકીના પુરાવા જોતાં પ્રાથમિક દ્રષ્ટિએ જમીન ખેતીલાયક હોવાનું અને ટાઈટલમાં કોઈ ખામી ન હોવાનું જણાતાં આશરે એકાદ વર્ષ અગાઉ કડી સબ-રજિસ્ટ્રાર કચેરીમાં આ બંને જમીનના દસ્તાવેજની નોંધણી થઈ ગઈ હતી.જોકે, આ દસ્તાવેજ સામે તરસનીયા પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા તા. ૧૫-૧૨-૨૦૨૫ના રોજ વાંધા અરજી સબમિટ કરવામાં આવી હતી. ત્યારબાદ કડી મામલતદારના પત્ર અને વડાવીના તલાટી કમ મંત્રીના રૂબરૂ જવાબના આધારે તપાસ કરતાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, સર્વે નંબર ૩૩૩વાળી વિવાદિત જમીન પર તો પ્રાથમિક શાળા, નીલકંઠ મહાદેવનું મંદિર, તબેલો, આંગણવાડી અને પાકાં મકાનો આવેલાં છે, તેમજ ૩૦થી વધુ વૃક્ષો પણ ઊભાં છે.આમ, જમીન વેચનાર અને ખરીદનારાઓએ કાવતરું રચીને મૂળ ફોટોગ્રાફ્સના બદલે અન્ય જગ્યાના ખોટા ફોટા રજૂ કરીને નોંધણી અધિનિયમ ૧૯૦૮ની કલમ-૮૨નો ભંગ કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સાબિત થયું હતું. આથી બંને પક્ષકારો વિરૂદ્ધ કલમ-૮૩ હેઠળ ફોજદારી કાર્યવાહી કરવાની મંજૂરી મળતાં જ કડીના સબ-રજિસ્ટ્રાર જે.બી. પટેલે બાવલુ પોલીસ મથકે વિધિવત ફરિયાદ નોંધાવી હતી.

# હિન્દુ યુવક તરીકેની ખોટી ઓળખ આપી સુરતની એક માસૂમ યુવતી સાથે વિશ્વાસઘાત

સુરત,તા.૬

સુરત શહેરના વેસુ વિસ્તારમાંથી સોશિયલ મીડિયાના માધ્યમથી ઓળખ છુપાવીને યુવતીને પ્રેમજાળમાં ફસાવવા અને દુષ્કર્મ ગુજારવાનો એક સનસનાટીપૂર્ણ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર હિન્દુ યુવક તરીકેની ખોટી ઓળખ આપી સુરતની એક માસૂમ યુવતી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરનાર મૂળ મુસ્લિમ આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં રાજકોટથી દબોચી લીધો છે. પકડાયેલા આરોપીની ઓળખ સોમિલ સલમીન મકવાણા તરીકે થઈ છે. પોલીસ તપાસમાં સામે આવેલી વિગતો અનુસાર, આરોપી સોમિલ પરિણીત હોવા છતાં તેણે સોશિયલ મીડિયા પર પોતાની અસલી ધાર્મિક ઓળખ છુપાવી હતી. પોતાનું હિન્દુ નામ જણાવી તેણે સુરતની યુવતીને લગ્નની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ આ નરાધમ પીડિત યુવતીને સુરત અને યાત્રાધામ દ્વારકાની અલગ-અલગ હોટલોમાં લઈ ગયો હતો, જ્યાં તેણે યુવતીની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું.

એટલું જ નહીં પણ યુવકે લગ્નના બહાના હેઠળ અને અલગ-અલગ મુશ્કેલીઓ દર્શાવીને આરોપીએ પીડિતા પાસેથી ટુકડે-ટુકડે આશરે ૩.૫૦ લાખની રકમ પણ પડાવી લીધી હતી. જ્યારે યુવતીને આરોપીની અસલી ઓળખ અને તેના પરિણીત હોવાની ખબર પડી, ત્યારે તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

# જામનગરમાં પાનની દુકાન અને હોટલમાં ચાઈલ્ડ લેબર સામે તવાઈ

જામનગર,તા.૬

જામનગર શહેરમાં બાળમજૂરી પ્રથાને નાબૂદ કરવા માટે શ્રમ વિભાગ અને પોલીસ તંત્ર દ્વારા સંયુક્ત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ખોડિયાર કોલોની, રાજ ચેમ્બર્સ વિસ્તારમાં આવેલી ચામુંડા પાન એન્ડ હોટલમાં દરોડો પાડતા એક સગીર બાળક પાસેથી મજૂરી કરાવવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું. જેના આધારે તંત્ર દ્વારા બાળકને મુક્ત કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ જિલ્લા શ્રમ વિભાગના અધિકારીને મળેલી બાતમીના આધારે રાજ ચેમ્બર્સ વિસ્તારમાં અચાનક ચકાસણી હાથ ધરી હતી. તપાસ દરમિયાન એક સગીર બાળકને મજૂરી કરાવવામાં આવતી હોવાનું જાણવા મળતાં તેને તાત્કાલિક મુક્ત કરાવવામાં આવ્યો હતો. અધિકારીઓએ બાળકની પૂછપરછ કરી જરૂરી વિગતો મેળવી હતી તેમજ સંસ્થા સંચાલક રમેશકુમાર કાનજીભાઈ મઘોડિયા પાસેથી જરૂરી દસ્તાવેજોની તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં બાળમજૂરી પ્રતિબંધક કાયદાનો ભંગ થયો હોવાનું જણાતા સંચાલક સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

શ્રમ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને કોઈપણ પ્રકારની મજૂરીમાં રોકવા કાયદાકીય રીતે પ્રતિબંધ છે, અને આવા કિસ્સાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. બાળમજૂરી જેવી સામાજિક બુરાઈને અટકાવવા માટે નિયમિત ચકાસણી અને દરોડાની કામગીરી આગળ પણ ચાલુ રાખવામાં આવશે.

Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

07-06-2026_23 Jan Fariyad_New_P-2